**બિડાણ:**(૧) સંયુકત સચિવશ્રી(મ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૭.૪.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક/રહમ/ ૧૦૨૦૦૯–૧૬૫૧–ક

(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૪.૦૫.૨૦૧૬નો પત્ર શેરા ક્રમાંક: પરચ/ ૧૩૨૦૧૬/૭૯૮/મ.૩

**વિષય :** ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અંગે...

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૧૦૪૪–૮૩ /૨૦૧૬.** **તારીખ:૧૯/૦૫/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

<u>નકલ સવિનય રવાના</u>:– અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**<u>૨/– આ સાથે સંયુકત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા.૦૭.૪.૨૦૧૬ના પત્રમાં જણાવેલ વિગત અન્વયે જાણ થવા સારુ.</u>**

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક........................
16 APR 2016
૨૩૫૦૦૮

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૭ /૪/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૨) સા. વ. વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

**આમુખ**

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૧) અને (૨) સામે દર્શાવેલ તા.૫-૭-૨૦૧૧ના ઠરાવ તથા તા. ૧૩-૧૦-૨૦૧૫ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના હાલ અમલમાં છે. તદ્દનુસાર, મૃત્યુ પામનાર કર્મચારીઓની સેવાનો બાકી રહેતો સમયગાળો ધ્યાનમાં લઈ તે મુજબ ઠરાવેલ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે રાહત મળે તે ધ્યાનમાં લઈ માનવતાના ધોરણે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રકમમાં વધારો કરવાની બાબતે રાજ્ય સરકારના માન્ય કર્મચારી મંડળો દ્વારા કરાયેલ રજુઆતો ધ્યાને લઈ રહેમરાહે યોજના હેઠળ ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

**ઠરાવ:-**

(૧) તા. ૧-૪-૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાયની રકમ રૂ. ૮ (આઠ ) લાખ ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૨) સા.વ.વિભાગનાં તા.૫-૭-૨૦૧૧ અને તા. ૧૩-૧૦-૨૦૧૫ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ /શરતો યથાવત રહેશે.

(૩) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૯-૩-૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( દેવી પંડયા )
સંયુકત સચિવ(મ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
[illegible]

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૬/૭૯૮/મ.3
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૫/૨૦૧૬

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

➢ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

A32 C upload
16/5/16

3004
17 MAY 2016

16 MAY 2016